ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

તા. ૧૫-૯-૨૦૨૧, બુધવાર

૫

# સાબરકાંઠા - અરવલ્લી



## બાયડમાં વિવિધ સ્થળે શોભાયાત્રા સાથે ગણપતિ વિસર્જન, ફરી એકવાર દાદાના ભક્તો ભાવુક બન્યા

**બાપ્પા મોરીયા રે, ગણપતિ બાપ્પા મોરીયા...ની ગુંજ સાથે બાયડના માર્ગો ઉપર શોભાયાત્રા સાથે ગણપતિ વિસર્જનના કાર્યક્રમ દરમ્યાન ભરપૂર આસ્થા જોવા મળી**

હિંમતનગર, તા. ૧૪

ગણપતિ મહોત્સવ દરમ્યાન સારા વરસાદથી ખુશાલી છવાઈ



છે. કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે હવે ગણપતિ વિસર્જનની શરૂઆત થઈ છે. બાયડ ગામ, ગાબટ રોડ વિસ્તાર સહિત વિવિધ સ્થળે સવારે આતી અને ત્યારબાદ શોભાયાત્રા સાથે ગણપતિ વિસર્જન સમયે દાદાના ભક્તો ભાવુક બન્યા હતા.

દર વર્ષે ગણેશ પર્વ દરમ્યાન સમગ્ર જિલ્લામાં મીની નવરાત્રી જેવો માહોલ જોવા મળે છે. કોરોનાનું સંક્રમણ પ્રસરે નહીં તે માટે ચોક્કસ ગાઈડલાઈન અનુસાર ગણેશ મહોત્સવ યોજવા સાર્વજનિક મંડળોને પરવાનગી આપવામાં આવી હતી. બાયડ ગામમાં છેલ્લા દોઢ દાયકાથી ગણપતિ મહોત્સવની ઉજવણી થતી આવી છે. આ વર્ષે કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે ગણપતિ મહોત્સવની શરૂઆત થઈ. તા. ૧૪ સપ્ટેમ્બરે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલ તેમજ બાયડ નગરપાલિકાના પદાધિકારીઓ અને ગણેશ ભક્તોની હાજરીમાં આરતી પછી વિસર્જનની શોભાયાત્રા બાયડ ગામમાં નિકળી હતી. દાદાના ભક્તો મૂર્તિ વિસર્જન સમયે ભાવુક થયા હતા. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે બાયડ ગામમાં યોજાતા ગણપતિ મહોત્સવના આયોજનની પ્રસંશા કરી સાચા અર્થમાં ઉત્સવ એકતાનો ઉત્સવ બની રહ્યાનું જણાવી આવતા વર્ષે પોતાના તરફથી ગણેશ મૂર્તિ આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## અણીના સમયે વરસાદ વરસતાં ખેતીનું જોબન ખીલ્યું, જિલ્લામાં મગફળીના વાવેતરમાં વધારો, કપાસમાં ઘટાડો નોંધાયો

**દૂધનો દાઝેલો છાશ ફૂંકી ફૂંકીને પીવે તે કહેવત અનુસાર ચોમાસા દરમ્યાન રોગચાળો વકરવાની સંભાવનાથી ખેડૂતોએ કપાસનું વાવેતર ઘટાડ્યુ છે, મગફળીનું વાવેતર વધુ પ્રમાણમાં જોવા મળ્યુ**

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખરીફ સીઝનમાં અણીના સમયે વરસાદ વરસતાં ખેતીનું જોબન ખીલી ઉઠ્યું છે. સાર્વત્રિક મેઘમહેરથી ખેડૂતોમાં ખુશાલી વ્યાપી છે ત્યારે આ વખતે બન્ને જિલ્લામાં મગફળીના વાવેતરમાં બમ્પર વધારો થયો છે. જ્યારે કપાસના વાવેતરમાં ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં ઓણસાલ ખેતી માટે ફાયદારૂપ વરસાદથી ખેડૂતોએ બમ્પર ઉત્પાદનની આશા રાખી પરંતુ કપાસના વાવેતરમાં ખેડૂતો નિરસ જણાયા છે.

જિલ્લામાં ભાદરવો ભરપૂર વરસતાં નદી, નાળાં, ચેકડેમ અને તળાવોમાં વરસાદી પાણીની આવક



થઈ છે. ૨ સપ્તાહ અગાઉ વરસાદના અભાવે ખેતી ઉપર સંકટ ઉભુ થયું હતુ.

પરંતુ હવે આકાશમાંથી વરસાદનું હેત વરસતાં ખેતીમાં સુધારો આવ્યો છે. ખેડૂતોએ ઓણસાલ વધુ ઉત્પાદનની આશા સાથે વાવેતર કર્યુ છે. દર વર્ષે મોટાભાગના ખેડૂતો કપાસની ખેતી ઉપર વધુ મદાર રાખતા હોય છે પરંતુ પાછલા કેટલાક વર્ષોથી હવે કપાસની ખેતીમાં ખેડૂતો નિરસ બની રહ્યા છે.

મગફળીના પાકમાં ઉપજ સમયે પોષણક્ષમ ભાવો મળતા હોવાથી બન્ને જિલ્લાના ખેડૂતોએ આ વર્ષે મગફળીના વાવેતર ઉપર વધુ ધ્યાન આપ્યું છે. જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચાલુ સીઝને ૧,૪૨,૨૫૧ હેક્ટરમાં મગફળીનું વાવેતર સંપન્ન થયુ છે. જ્યારે કપાસના વાવેતરમાં આશ્ચર્યજનક રીતે ઘટાડો જોવા મળ્યો જેમાં અત્યાર સુધીમાં માંડ ૫૬,૦૯૬ હેક્ટર જમીનમાં કપાસની ખેતી થયાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે.

## હિન્દી દિવસની ઉજવણી : જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં બોર્ડ પરીક્ષામાં પ્રથમવાર હિન્દીનું ૧૦૦ ટકા પરિણામ

**કોરોનાના કારણે દરેક વિદ્યાર્થીને માસ પ્રમોશન**

હિંમતનગર, તા. ૧૪

તા. ૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસની સાબરકાંઠા, અરવલ્લી



જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં ઉજવણી કરવામાં આવી. સંસ્કૃત વિષય અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલ લાગતાં હવે હિન્દી વિષય સાથે બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પાછલા વર્ષોની સરખામણીએ વધારો થઈ રહ્યો છે. પ્રથમવાર એવું બન્યું કે જિલ્લામાં હિન્દી વિષયની પરીક્ષા આપનારા તમામ છાત્રો ઉત્તિર્ણ થયા અને ૧૦૦ ટકા પરિણામ આવ્યું અને તે માટે કોરોનાનું સંક્રમણ જવાબદાર હતું.

ભારત દેશની રાષ્ટ્રભાષા હિન્દી છે. ભારતના સંવિધાનમાં હિન્દીને રાષ્ટ્રભાષા બનવાનું સૌભાગ્ય મળ્યું છે. રાષ્ટ્રભાષાને અન્ય ભાષી રાજ્યોએ પણ સ્વીકાર કરેલો છે. દેશમાં જે તે રાજ્યની મોટા ભાગે આગવી ભાષા હોય છે જેમાં ખાસ કરીને ગુજરાતી, મરાઠી, બંગાળી સહિતની ભાષાઓ પણ છે. ધીરે ધીરે હિન્દી ભાષાની જેમ સંસ્કૃત ભાષાનું ચલણ પણ વધવા લાગ્યું છે. ભારત ઋષિમુનિયોના દેશ તરીકે ઓળખાય છે. વડાપ્રધાને તાજેતરમાં મનની વાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રવાસીઓને આવકારવામાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ થઈ રહ્યો છે તે જાણી ખુશાલી વ્યક્ત કરી હતી અને એંકરોને શુભેચ્છા પાઠવી હતી.

પરંતુ તા. ૧૪ સપ્ટેમ્બર હિન્દી ભાષા દિવસની ગુજરાતના અનેક વિસ્તારોમાં ઉજવણી થઈ. નવી પેઢીને ભારત રાષ્ટ્રની રાષ્ટ્રભાષા બાબતે પણ એ સાથે જાણકારી મળી રહી છે. હિન્દી બોલતાં ન આવડે તો ક્યારેક બોલનારની ઠેકડી પણ ઉડાડવામાં આવતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લીનો અનેક સરહદી વિસ્તાર રાજસ્થાન સાથે સંકળાયેલો છે જેથી ગ્રામ્ય લોકો પણ સારૂ હિન્દી બોલી શકે છે. જિલ્લાની કેટલીક શાળાઓમાં વિષય શિક્ષકોને યાદ હતું તેઓએ રાષ્ટ્ર હિન્દી ભાષાને યાદ કરી ઉજવણી કરી હતી.

### બાયડમાં ગણેશ મંડાલમાં માટીની મૂર્તિનું વિસર્જન

બાયડના ગીરીરાજ કેમ્પસમાં પંચજ્યોત ગણેશ યુવક મંડળ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિનું સ્થાપન કરી પર્યાવરણની રક્ષાની ફરી એકવાર અનોખો સંદેશ આપ્યો છે. મંગળવારે સાંજે ૪ કલાકે સોસાયટીમાં રહેતા રહીશોએ માટીની મૂર્તિ ઉપર જળાભિષેક કરી ગણેશ પંડાલમાં જ માટીની મૂર્તિનું વિસર્જન કરાયુ. ગણેશ પર્વની પૂર્ણાહૂતિ થતાં અનેક ભક્તો ભાવુક થયેલા જોવા મળ્યા. કોરોના ગાઈડ મુજબ ગણેશ મહોત્સવની ઉજવણી સંપન્ન થઈ હતી.

### સાબરકાંઠા-અરવલ્લીમાં ધો. ૯ થી ૧૨ ની એકમ કસોટીનો ધમધમાટ

શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ રાબેતા મુજબ શરૂ થતાં વિદ્યાર્થી-વાલીઓ રાહત અનુભવે છે. સળંગ ૧૮ મહીના સુધી પ્રત્યક્ષ શિક્ષણથી વંચિત રહેલા વિદ્યાર્થીઓનો લર્નીંગ લોથ ખુબ વધુ છે તેથી કેળવણીકારો ચિંતા અનુભવે છે. જુલાઈ મહીનાથી ધો. ૯ થી ૧૨ માં રાબેતા મુજબનું શિક્ષણ કાર્ય શરૂ થયુ છે અને હવે વર્ષ ૨૦૨૧-૨૨ ની પ્રથમ એકમ કસોટી આગામી શુક્રવારથી શરૂ થશે જેમાં જુલાઈ ૨૦૨૧ સુધી જે અભ્યાસક્રમ ભણાવવામાં આવ્યો હશે તેના આધારે એકમ કસોટી યોજવાની છે. તમામ વિષયની એકમ કસોટીના માસવાર ગુણપત્રક અને જવાબવહીઓને સાચવવાની જવાબદારી શાળાઓની રહેશે. એકમ કસોટીમાં ધો. ૯-૧૦ માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાન, ધો. ૧૧-૧૨માં સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી, નામાંના મૂળતત્વ, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વિજ્ઞાનપ્રવાહમાં ગણિત-રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન-જીવવિજ્ઞા અને અંગ્રેજી વિષયની એકમ કસોટી યોજાશે.

## ગોધરા-શામળાજી ઉબડ ખાબડ રોડને પગલે માલપુરમાં લોકોનું વિરોધ પ્રદર્શન

**રોડ પર પડેલા ખાડામાં છોડ વાવીને વિરોધ કરવામાં આવ્યું**

મોડાસા તા.૧૪

ચોમાસાની સીઝન ચાલી રહી છે ત્યારે હાઈવે સહિતના રોડ ઉબડ ખાબડ બન્યા છે. કેટલાક ચક્કાજામને પગલે વાહનોની કતારો લાગી જતાં પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓની અટકાયત પણ કરવામાં આવી હતી. અકસ્માતો પણ બનવાની ઘટનાઓ સામે આવતી હોય છે. માલપુર બસ સ્ટેન્ડ નજીક પણ હાઈવે પર મોટા મોટા ખાડાઓ



ઠેકાણે તો ખાડા જીવલેણ પણ બનવાની ઘટનાઓ સામે આવે છે. ત્યારે માલપુર ચાર રસ્તાની આસપાસ હાઈવે પર મસ મોટા ખાડા પડ્યા હોવાને કારણે માલપુરના ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન કરી રોડ પડ પડેલા ખાડાઓમાં છોડ વાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. રોડ પર

રોજના હજારો વાહનોની અવર જવર થતી હોય તેવા શામળાજીથી ગોધરા હાઈવે પર મોટા મોટા ખાડા પડી જવાને કારણે રોડ ઉબડ ખાબડ બની ગયો છે. જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક સમયે તો રોડ પર પડેલા ખાડાઓને કારણે જીવલેણ પડી જવાને પગલે નાના મોટા અકસ્માતોના બનાવો બનતા રહે છે. ત્યારે માલપુરના લાલજી ભગત તેમજ ગ્રામજનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રોડ પર પડેલા મોટા ખાડાઓમાં વૃક્ષારોપણ કરીને વિરોધ પ્રદર્શન કરી રોડનું રીપેરીંગ કરવા માટે માંગ ઉઠાવી હતી.

### બાયડ તાલુકા પંચાયત સંગઠન પ્રમુખ તરીકે નિયુક્તિ

બાયડ, તા. ૧૪

બાયડ તાલુકાના દખણેશ્વર ગામના કૌશિકભાઈ આર. પંચાલ (પ્રા. શિક્ષક) અને જીજ્ઞાશાબેન પંચાલ (સંગઠન પ્રમુખ-બાયડ શહેર ભાજપા મહીલા મોરચા)ના પુત્ર સ્નેહ પંચાલની બાયડ તાલુકા પંચાલ યુવા સંગઠન સોશિયલ મીડિયા પ્રમુખ તરીકે નિયુક્તિ થતાં પંચાલ સમાજમાં ખુશાલી જોવા મળી હતી.

**સૌરાષ્ટ્રમાં મેઘરાજાની તોફાની બેટીંગ પછી મોટી આશા**

## જિલ્લાની પ્રજા ઘમરોળતા વરસાદની રાહમાં, જળાશયો, તળાવ હજુ પણ તરસ્યાં

હિંમતનગર, તા. ૧૪

સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ૧૩ થી ૧૮ ઈંચ વરસાદ ખાબકતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા પણ ઘમરોળતા વરસાદની ચાતક નજકે રાહ જોઈ રહી છે. છેલ્લા ૨ દિવસથી વરસાદનું જોર ઘટતાં ફરીથી બફારો વધ્યો છે. તળાવો, જળાશય હજુ પણ તરસ્યાં છે જેથી મેઘરાજાની તોફાની બેટીંગ અનિવાર્ય હોવાનું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ શપથ ગ્રહણ કરવાના હતા તે દિવસ સવારથી સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ તોફાની બેટીંગ કરતા સપ્ટેમ્બર મહિનાના વરસાદના તમામ રેકર્ડ તોડી નાખ્યા. વરસાદ ખમૈયા કરે તેવી પ્રાર્થનાઓ શરૂ થઈ છે. નુકસાનીનો આંક વધુ હોવાની સંભાવના છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોસમનો સરેરાશ ૫૩ ટકા વરસાદ વરસ્યો છે. જળાશયોમાં સરેરાશ ૩૨ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે. આ જોતા ઉત્તર ગુજરાત સહિત બન્ને જિલ્લામાં મેઘરાજાની તોફાની બેટીંગ થાય તો ખાલીખમ જળાશય અને તળાવો છલકાઈ જાય. આગામી ૨ દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે.

જિલ્લામાં હજુ પણ ધોધમાર ૧૦ થી ૧૨ ઈંચ વરસાદની ઘટ ખેડૂતો અનુભવી રહ્યા છે. જળાશયો નહીં છલકાય તો શિયાળુ-ઉનાળુ ખેતી માટે સિંચાઈના પાણીનો પ્રશ્ન ઉભો થઈ શકે છે. સાબરકાંઠામાં મોસમનો ૫૬.૨૨ ટકા અને અરવલ્લીમાં ૫૧.૫૩ ટકા વરસાદ નોંધાયો છે. અરવલ્લી જિલ્લો સમગ્ર ઉત્તર ગુજરાતમાં છેલ્લા સ્થાને છે.

**તાજેતરમાં વરસેલા વરસાદના કારણે પંચાયત હસ્તકની**

## નાનીસિંચાઈ, તળાવ અને ચેકડેમોમાં ૩૦ મિલીયન ઘન મીટર જેટલું પાણી સંગ્રહીત થયું છે, ભૂગર્ભ જળસ્ત્રોત ઉંચા આવી શકે છે

**નાનીસિંચાઈ, ચેકડેમમાં સરેરાશ ૪૪ ટકા, તળાવમાં ૨૪ ટકા પાણી, સાબરકાંઠામાં સારા વરસાદથી 30 મિલીયન ઘનમીટર પાણીનો સંગ્રહ, નાનીસિંચાઈ, તળાવ અને ચેકડેમમાં પાણીની આવક**

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠામાં સારા વરસાદથી જિલ્લા પંચાયત, સિંચાઈ શાખાના તાબાની નાનીસિંચાઈ, તળાવ અને ચેકડેમમાં ૨૯.૮૬ મિલીયન ઘનમીટર પાણીની આવક નોંધાઈ છે. આગામી દિવસોમાં સારા વરસાદ પછી પાણીની આવકમાં વધારો થવાની સંભાવના વિભાગ દ્વારા વ્યક્ત થઈ છે. નાની સિંચાઈ અને ચેકડેમમાં સરેરાશ ૪૪ ટકા અને તળાવમાં ૨૪ ટકા જળસંગ્રહ થયો છે.

ચોમાસા દરમ્યાન વરસાદના નકામા વહી જતા પાણીનો સંગ્રહ જેટલો વધુ તેટલાં ભૂગર્ભ જળસ્ત્રોત વધુ સમૃદ્ધ બનતા હોય છે. આ વર્ષે ઓગષ્ટના અંત સુધીમાં ઓછા વરસાદના કારણે અત્ર, તત્ર, સર્વત્ર ચિંતા હતી. જો ભાદરવો કોરો ધાક્કોર રહ્યો તો સ્થિતિ વધુ વણસે તેવી દહેશત હતી. પરંતુ ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ અપાર હેત વરસાવી સરકાર અને વહીવટીતંત્રની ચિંતામાં ઘટાડો કર્યો છે. પાછલા ૬ દિવસ દરમ્યાન જિલ્લામાં વરસેલા સારા વરસાદ અને નાની સિંચાઈ યોજનાના કમાન્ડ એરીયામાં એકંદરે ખેડૂતોની અપેક્ષા મુજબ વરસાદ વરસતાં જળસંગ્રહ શક્તિમાં વધારો થયો છે. નાનીસિંચાઈ યોજનામાં પાણીની આવક નોંધાઈ પરંતુ મોટા



જળાશયોમાં હજુ નોંધપાત્ર આવક થઈ નથી. રાજસ્થાનના ઉપરવાસમાં સારો વરસાદ વરસશે તો જિલ્લાના જળાશયોમાં પાણીની મહત્તમ આવકની સંભાવના રહેલી છે.

**જળસંગ્રહ**

| યોજના | સંખ્યા | સંગ્રહશક્તિ | પાણીનો જથ્થો | ટકાવારી |
|---|---|---|---|---|
| નાનીસિંચાઈ | ૫૦ | ૫૮.૮૬ | ૧૧.૨૬ | ૫.૪૯ |
| તળાવ | ૫૨૨ | ૪૭.૯૭ | ૧૧.૫૬ | ૪.૧૦ |
| ચેકડેમ | ૪૯૨ | ૧૬.૦૧ | ૭.૦૪ | ૩.૯૭ |

## ઉત્તર ગુજરાતમાં શિક્ષકો પછી તલાટીઓની પડતર માંગનો વિરોધ સરકારને ભારે પડશે

**બન્ને યુનિયનના પ્રભાવી આંદોલનથી ભાજપ સરકારની છબી ખરડાશે**

બાયડ, તા. ૧૪

રાજ્યમાં પ્રા. શિક્ષકો પછી તલાટી કમ મંત્રીઓએ પડતર માંગ ન સંતોષાતા સરકાર સામે વિરોધનું બ્યુગલ ફૂંક્યુ છે. રાજ્યના નવા મુખ્યમંત્રી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ નહી લાવે તો સરકારની છબી ખરડાઈ શકે છે.

કોરોના સમય દરમ્યાન શિક્ષકો અને તલાટી કમ મંત્રીઓએ પોતાની જીવની પરવા કર્યા વગર કોરોના વોરીયર્સ તરીકે કામગીરી કરી હતી. ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણથી ૧૩૦ થી વધુ શિક્ષકો-તલાટી કમ મંત્રીના મોત નિપજ્યા હતા, પરંતુ સરકાર પ્રા. શિક્ષકો-મા. અને ઉ.મા. શિક્ષકો તેમજ તલાટી કમ મંત્રીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નો ઉકેલી મદદરૂપ થવાના બદલે તેમના પ્રશ્નોનો નિવેડો ન લાવી આંદોલન કરવા મજબૂર કરી રહી છે. અગાઉ શિક્ષકો પછી હવે તલાટી કમ મંત્રીઓએ પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો છે. આવતા વર્ષે વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે બન્ને કર્મચારી સંગઠનોની માંગ સંતોષવામાં સરકાર નિષ્ફળ રહેશે તો ભાજપા સરકારની છબી ખરડાઈ શકે છે. અનેક કર્મચારી સંગઠન આગેવાનોએ જણાવ્યું કે કર્મચારીઓને દેખીતો અન્યાય છતાં સરકાર પ્રશ્નોનું નિરાકરણ લાવવાના બદલે નજર અંદાજ કરે છે.

કર્મચારીઓની નારાજગી શું કરી શકે છે તે ભૂતકાળમાં કોંગ્રેસ સરકારમાં જોવા મળ્યુ હતુ ત્યારે ગુજરાતની ભાજપા સરકાર તલાટી કમ મંત્રીઓના વ્યાજબી પ્રશ્નોનો ઝડપી હલ લાવે તેવી સાબરકાંઠા-અરવલ્લી-બનાસકાંઠા-પાટણ-મહેસાણા જિલ્લાના તલાટી કમ મંત્રી સંગઠ્ઠનોએ માંગ કરી છે.

**વરસાદ ભાદરવામાં ઓળગોળ**

## વિજયનગરમાં મોસમનો સૌથી વધુ ૭૪ ટકા વરસાદ, પડોશી ભિલોડા તાલુકામાં સૌથી ઓછો ૩૮ ટકા વરસાદ

બાયડ, તા. ૧૪

ભાદરવામાં વરસેલા ભરપૂર વરસાદથી સાબરકાંઠા-અરવલ્લીમાં પાણીની નોંધપાત્ર આવક જોવા મળી. વિજયનગર તાલુકામાં મોસમનો સૌથી વધુ ૭૪ ટકા વરસાદ વરસ્યો છે, જ્યારે સૌથી ઓછો નજીકમાં જ આવેલા ભિલોડા તાલુકામાં માત્ર ૩૮ ટકા વરસાદથી કુદરત પણ કાળા માથાના માનવીની જેમ ભેદભાવ રાખતો હોવાની તાસીર ઉભી થઈ છે.

જિલ્લામાં સપ્તાહ અગાઉ પાણીનું નબળુ ચિત્ર હતુ. ભર ચોમાસે પીવાના પાણીનું સંકટ ઉભુ થાય તેવી દહેશત વચ્ચે કુદરતે ભાદરવાના આરંભે અપાર હેત વરસાવતા અરવલ્લીની ગીરીકંદરાઓ ફરીથી લીલીછમ બની દૈદીપ્યમાન લાગે છે.

સતત વરસાદી માહોલથી ૪.૫૦ લાખ હેક્ટર ખરીફ વાવેતરમાંથી બમ્પર પાક ઉત્પાદનની આશા વધુ મજબૂત બની છે. અગાઉના વર્ષોમાં આદીવાસી તાલુકાઓમાં સૌથી વધુ વરસાદ વરસતો હતો.

આ વખતે ત્યાં વરસાદની અછત જોવા મળી પરંતુ પાછલા ૫ દિવસમાં મેઘરાજાએ મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા તાલુકામાં હેત વરસાવતા ગીરીકંદરા ઉપરના દેદીપ્યમાન ઝરણાં ફરી જીવંત બન્યા છે.

**તાલુકાઓમાં વરસાદ**

| તાલુકો | વરસાદ ટકામાં |
|---|---|
| હિંમતનગર | ૫૨ ટકા |
| ઈડર | ૪૨ ટકા |
| ખેડબ્રહ્મા | ૪૩ ટકા |
| પોશીના | ૫૫ ટકા |
| પ્રાંતિજ | ૬૪ ટકા |
| તલોદ | ૬૪ ટકા |
| વડાલી | ૫૬ ટકા |
| વિજયનગર | ૭૩ ટકા |
| બાયડ | ૫૩ ટકા |
| ભિલોડા | ૩૮ ટકા |
| ધનસુરા | ૫૫ ટકા |
| માલપુર | ૪૧ ટકા |
| મેઘરજ | ૫૯ ટકા |
| મોડાસા | ૬૨ ટકા |